(૧૦)

**પ્ર.૧ (ક) બીજા શ્રમણસૂત્રમાંથી બંધબેસતા શબ્દો લખો.** **(૨)**

**જવાબ**

૧. બાળકને ઓળંગીને ભિક્ષા લીધી હોય. **સાણા વચ્છા દારા સંઘટ્ટણાએ**

૨. સાધુ માટે બનાવેલો આહાર લીધો હોય. **ઉપ્પાયણેસણાએ**

૩. ઉપરથી કોથમીર નાંખેલી હોય તેવું ભોજન લીધું હોય. **હરિય ભોયણાએ, સચિત્ત નિક્ખેવણિયાએ**

૪. ગાય માટે બનાવેલી રોટલી લીધી હોય. **મંડી પાહુડિયાએ**

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૮)**

૧. લોગસ્સ અને નમોત્થુણંમાં શું તફાવત છે?

**જ. લોગસ્સમાં તીર્થંકરોની નામ સ્તુતિ છે, જ્યારે નમોત્થુણંમાં અરિહંત, સિદ્ધની ગુણ સ્તુતિ, ગુણ સ્મરણ છે. લોગસ્સ કાવ્યમય (પદ્ય) છે, જ્યારે નમોત્થુણં પાઠમય (ગદ્ય) છે.**

૨. મહાવ્રતની ભાવના, સાધુને જઘન્ય જ્ઞાન, કોટિ, મહાવ્રત કેટલા? માત્ર સંખ્યા લખો.

**જ. ૨૫, અષ્ટ પ્રવચન, ૯, ૫.**

૩. રોજ બે વખત પ્રતિક્રમણ કરવાથી શું લાભ થાય? આખા વર્ષમાં ચોમાસી અને દેવસિય પ્રતિક્રમણ કેટલા?

**જ. વ્રતમાં લાગેલા દોષોનું નિવારણ થાય છે અને વ્રતોની શુદ્ધિ થાય છે, ઉત્કૃષ્ટ રસ આવે તો તીર્થંકરનામ કર્મ ઉપાર્જન કરે છે. ચોમાસી – ૩, દેવસિય – ૩૩૫**

૪. પચ્ચક્ખાણમાં કયા કયા આગાર આવે છે? માત્ર નામ લખો.

**જ. અન્નત્થણાભોગેણં, સહસ્સાગારેણં, મહત્તરાગારેણં, સવ્વસમાહિવત્તિયાગારેણં.**

(૭૫)

**પ્ર.૨ (ક) દશવૈકાલિક સૂત્રના આધારે જવાબ લખો.** **(૨૫)**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. જઈ તં...... **પાના નં. ૧૯ ગાથા ૯** ૨. આયાવયંતિ...... **પાના નં. ૨૪ ગાથા ૧૨**

૩. સંણિહી...... **પાના નં. ૨૧ ગાથા ૩**

**(આ) નીચેના વાક્યો કઈ ગાથાના છે તે ગાથા લખો. (અર્થ નહીં)** **(૮)**

**જવાબ** **(માત્ર ગાથા લખવી અર્થ નહિ)**

૧. દેનાર ગૃહસ્થને પણ દુ:ખ ન થાય. **પાના નં. ૧૫ ગાથા ૪**

૨. વાયુની જેમ અપ્રતિબંધ વિહારી... **પાના નં. ૨૩ ગાથા ૧૦**

૩. સારા આશયવાળા વચનો સાંભળીને. **પાના નં. ૧૯ ગાથા ૧૦**

૪. સંકલ્પને વશ થઈને ખેદ પામે છે. **પાના નં. ૧૬ ગાથા ૧**

**(ઇ) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

**જવાબ**

૧. અણિસ્સિયા **નિશ્રા વગરના એટલે કુળાદિના પ્રતિબંધ રહિત**

૨. પરિવ્વયંતો **વિચરતા**

૩. પાહણાપાએ **પગરખા આદિ પગમાં ધારણ કરવા**

૪. અભિહડાણિ **સાધુ નિમિત્તે ઘરેથી કે ગામથી સામે લાવીને આપે**

૫. કમાહિ **ઉલ્લંઘી જા, કાબુમાં રાખ**

૬. લબ્ભામો **પામીશું**

**(ઈ) દશવૈકાલિક સૂત્રના બીજા અધ્યયનનું નામ શું છે? પર અનાચાર કયા અધ્યયનમાં આવે છે? સંગ્રહ કરી રાખવો આ શબ્દ જે ગાથામાં આવે છે? તે ગાથામાં આવતા હોય તે ગાથા લખો.** **(૨)**

**જ. શ્રામણ્યપૂર્વક (સામણણપુવ્વયં). ત્રીજા અધ્યયનમાં. પાના નં. ૨૧ ગાથા ૩ (માત્ર ગાથા અર્થ નહિ).**

**(ખ) નિયંઠાના આધારે જવાબ લખો. (૨૫)**

**(અ) કોઈપણ બે દ્વાર લખો. (૫)**

૧. સમુદ્‌ઘાત દ્વાર – **પુલાકમાં ૩ સમુદ્‌ઘાત વેદનીય–કષાય–મારણાંતિક, બકુશ–પડિસેવણામાં ૫ સમુદ્‌ઘાત વેદનીય–કષાય–મારણાંતિક–વૈક્રિય–તૈજસ, કષાયકુશીલમાં ૬ સમુદ્‌ઘાત વેદનીય–કષાય–મારણાંતિક–વૈક્રિય–તૈજસ–આહારક, નિર્ગ્રંથમાં એકપણ સમુદ્‌ઘાત નથી, સ્નાતકમાં જો હોય તો ૧ સમુદ્‌ઘાત કેવળ.**

૨. ભવ દ્વાર – **પુલાક અને નિર્ગંથ ભવ કરે જઘન્ય ૧ ઉત્કૃષ્ટ ૩ (મનુષ્યના), બકુશ, પડિસેવણા કષાયકુશીલ ભવ કરે જઘન્ય ૧ ઉત્કૃષ્ટ ૮, સ્નાતક તે જ ભવે મોક્ષે જાય.**

૩. ચારિત્ર દ્વાર – **ચારિત્ર ૫ છે. સામાયિક ચારિત્ર–છેદોપસ્થાપનીય ચારિત્ર–પરિહારવિશુદ્ધ ચારિત્ર–સૂક્ષ્મ સંપરાય ચારિત્ર– યથાખ્યાત ચારિત્ર. પુલાક– બકુશ–પડિસેવણામાં ૨ ચારિત્ર સામાયિક–છેદોપસ્થાપનીય, કષાયકુશીલમાં ૪ ચારિત્ર સામાયિક–છેદોપસ્થાપનીય–પરિહારવિશુદ્ધ–સૂક્ષ્મ સંપરાય, નિર્ગ્રંથ–સ્નાતકમાં ૧ યથાખ્યાત ચારિત્ર હોય.**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. સ્નાતકના ભેદ કેટલા? તેમાંથી ત્રીજો અને પાંચમો ભેદ લખો.

**જ. ૫ ભેદ. ૩) અકમ્મે – ઘાતી કર્મથી રહિત. ૫) અપરિસ્સવી – કર્મબંધના પ્રવાહથી રહિત એવા અબંધક.**

૨. પુલાકમાં વેદ કેટલા? શા માટે? અવેદી નિયંઠા કેટલા? કયા? કયા?

**જ. બે. પુરુષવેદી અને પુરુષ નપુંસકવેદી. સ્ત્રીને પૂર્વનું જ્ઞાન હોતું નથી માટે સ્ત્રીને તથા જન્મ નપુંસકને પુલાક લબ્ધિ હોતી નથી. અવેદી નિયંઠા ૩ – કષાયકુશીલ, નિર્ગ્રંથ, સ્નાતક.**

૩. પડિસેવણાનો બારમો કાળ દ્વાર લખો.

**જ. મહાવિદેહમાં હોય. (કારણ ત્યાં સદા નોઉત્સર્પિણી નોઅવસર્પિણી કાળ છે.) અવસર્પિણી કાળમાં ૩જે, ૪થે, ૫ મે આરે જન્મે અને ૩જે, ૪થે, ૫ મે આરે પ્રવર્તે. ઉત્સર્પિણી ૨જે, ૩જે, ૪થે આરે જન્મે અને ૩જે, ૪થે, આરે પ્રવર્તે.**

૪. વીતરાગીને શરીર કેટલા? કયા કયા? તેમને શ્રુતજ્ઞાન કેટલું?

**જ. ત્રણ. ઔદારિક, તૈજસ, કાર્મણ. નિર્ગ્રંથને જઘન્ય અષ્ટ પ્રવચન માતા ઉત્કૃષ્ટ ૧૪ પૂર્વ. સ્નાતકને કેવળજ્ઞાન હોવાથી સૂત્ર (શ્રુત) વ્યતિરિક્ત કહેવાય છે.**

૫. બકુશમાં ચારિત્ર પર્યવ કેટલા? બકુશ કોનાથી હીન, અધિક અને છટ્ઠાણવડિયા?

**જ. અનંતા. પુલાકથી અનંતગુણવૃદ્ધિ. બકુશથી અને પડિસેવણાથી, કષાયકુશીલથી છટ્ઠાણવડિયા. નિર્ગ્રંથ અને સ્નાતકથી અનંતગુણહીન.**

**(ઇ) માંગ્યા પ્રમાણે જવાબ લખો. (૬)**

૧. ઘણા જીવ અપેક્ષાએ પડિસેવણાનું અંતર કેટલું? શા માટે?

**જ. અંતર ન પડે કારણ કે મહાવિદેહની અપેક્ષાએ શાશ્વતા છે.**

૨. નિર્ગ્રંથમાં પરિણામ કેટલા? કયા કયા?

**જ. બે. વર્ધમાન અને અવસ્થિત.**

૩. બકુશ આહારક સમુદ્‌ઘાત શા માટે ન કરે?

**જ. આહારક સમુદ્‌ઘાત ૧૪ પૂર્વી જ કરે છે. જ્યારે બકુશને તેટલું જ્ઞાન હોતું નથી.**

૪. કષાયકુશીલ પોતાનું સ્થાન છોડી ક્યાં જાય?

**જ. પુલાક, બકુશ, પડિસેવણા, અસંયમ, સંયમાસંયમ કે નિર્ગ્રંથ.**

૫. સ્નાતક વર્તમાન અને પૂર્વ પર્યાય અપેક્ષાએ કેટલા?

**જ. વર્તમાન પર્યાય અપેક્ષા જઘન્ય ૧–૨–૩ ઉત્કૃષ્ટ ૧૦૮, પૂર્વ પર્યાય અપેક્ષા પ્રત્યેક ક્રોડ નિયમા.**

૬.પુલાકની ઘણા જીવ અપેક્ષાઅ સ્થિતિ કેટલી?

**જ. જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.**

**(ઈ) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

| | જવાબ |
|---|---|
| ૧. નિર્ગ્રંથ ...... અને ...... ભાવમાં હોય. | **ઉપશમ, ક્ષાયિક** |
| ૨. બકુશની એક ભવ અપેક્ષા સ્થિતિ ...... અને ...... છે. | **૧ સમય, દેશેઉણા ક્રોડપૂર્વ વર્ષ** |
| ૩. કષાયકુશીલમાં ...... અને ...... સંજ્ઞા હોય. | **સંજ્ઞાબહુત્તા, નોસંજ્ઞાબહુત્તા** |
| ૪. પુલાક ઘણા ભવ અપેક્ષા ...... અને ...... વાર આવે. | **૨,૭** |

**(ગ) સંજ્યાના આધારે જવાબ લખો.** **(૨૫)**

**(અ) કોઈપણ બે દ્વાર લખો.** **(૫)**

૧. કષાય દ્વાર – **સામાયિક, છેદોપસ્થાપનીયમાં સંજ્વલનના ૪–૩–૨ કષાય હોય, પરિહાર વિશુદ્ધ ચારિત્રમાં સંજ્વલનના ૪, સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં માત્ર સંજ્વલન લોભ, યથાખ્યાત ચારિત્ર અકષાયી (ઉપશાંત કે ક્ષીણ) હોય.**

૨. ક્ષેત્ર દ્વાર (૩૩ મો દ્વાર) – **પ્રથમ ૪ સંયતિ લોકના અસંખ્યાતમા ભાગમાં હોય. યથાખ્યાત ચારિત્રી લોકના અસંખ્યાતમા ભાગમાં, ઘણા અસંખ્યાતમા ભાગમાં અથવા સર્વ લોકમાં હોય. કેવળ સમુદ્ઘાત આશ્રી.**

૩. અલ્પબહુત્વ દ્વાર – **સૌથી થોડા સૂક્ષ્મ સંપરાય ચારિત્રવાળા, તેથી પરિહાર વિશુદ્ધ ચારિત્રવાળા સંખ્યાત ગુણા, તેથી યથાખ્યાત ચારિત્રવાળા સંખ્યાતગુણા, તેથી છેદોપસ્થાપનીય ચારિત્રવાળા સંખ્યાતગુણા, તેથી સામાયિક ચારિત્રવાળા સંખ્યાતગુણા.**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. પરિહારવિશુદ્ધ ચારિત્રમાં કલ્પ કેટલા? કયા કયા? તેનો લિંગ દ્વાર લખો.

**જ. ૩. સ્થિત, સ્થવિર, જિનકલ્પ. દ્રવ્ય અને ભાવથી સ્વલિંગી હોય છે.**

૨. યથાખ્યાત ચારિત્રમાં ઘણા ભવ આશ્રી ઉપશમ શ્રેણી ઉત્કૃષ્ટ કેટલીવાર આવે? શા માટે?

**જ. ૫ વાર. ઉત્કૃષ્ટ ૩ ભવ હોવાને કારણે એક ભવમાં બે વાર (ઉપશમ શ્રેણી આશ્રી), અન્ય ભવમાં બે વાર (ઉપશમ શ્રેણી આશ્રી) અને અન્ય ત્રીજા ભવમાં ૧ વાર (ક્ષપક શ્રેણી આશ્રી) એમ ઘણા ભવ આશ્રી ૫ વાર.**

૩. સામાયિક ચારિત્રવાળો કેટલી પદવી પામે? તેમની ગતિ અને સ્થિતિ લખો.

**જ. ઈન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અહમેન્દ્ર આ પાંચમાંથી કોઈપણ એક પદવી પામે. ગતિ–જઘન્ય સૌધર્મ કલ્પ, ઉત્કૃષ્ટ ૫ અનુત્તર વિમાન, સ્થિતિ–જઘન્ય ૨ પલ્ય, ઉત્કૃષ્ટ ૩૩ સાગર.**

૪. છેદોપસ્થાપનીય ચારિત્રમાં શ્રુતજ્ઞાન આશ્રી અભ્યાસ કેટલો? તેમનો બંધ અને વેદે દ્વાર લખો.

**જ. જઘન્ય અષ્ટ પ્રવચન ઉત્કૃષ્ટ ૧૪ પૂર્વ પૂર્ણ. બંધ દ્વાર – ૭/૮ કર્મનો બંધ કરે. વેદે દ્વાર – ૮ કર્મ વેદે.**

૫. સૂક્ષ્મ સંપરાય ચારિત્રમાં પરિણામ કેટલા? કયા? કયા? તે પરિણામની સ્થિતિ લખો.

**જ. બે, હિયમાન અને વર્ધમાન. બંનેની સ્થિતિ જઘન્ય ૧ સમય ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત.**

**(ઇ) માંગ્યા પ્રમાણે જવાબ લખો.** **(૬)**

| | જવાબ |
|---|---|
| ૧. યથાખ્યાત ચારિત્રમાં લેશ્યા કેટલી? કઈ કઈ? | **૧ શુક્લ લેશ્યા અથવા અલેશી.** |
| ૨. સામાયિક ચારિત્રનો તીર્થ દ્વાર લખો. | **તીર્થ અને અતીર્થ બંનેમાં હોય.** |
| ૩. સૂક્ષ્મ સંપરાયવાળો કેટલા કર્મ બાંધે? કયા? | **છ, મોહનીય અને આયુષ્ય વર્જીને.** |
| ૪. પરિહારવિશુદ્ધ ચારિત્રનો ક્ષેત્ર દ્વાર લખો. (૧૧ મો) | **૫ ભરત અને ૫ ઈરવતમાં જ હોય. સંહરણ ન થાય.** |
| ૫. છેદોપસ્થાપનીયમાં વેદ કેટલા? કયા? કયા? | **૩ વેદ અથવા અવેદી.** |
| ૬. અકષાયી કેટલા ભવ કરે? | **જઘન્ય ૧ ઉત્કૃષ્ટ ૩ અથવા તે જ ભવે.** |

**(ઈ) ખાલી જગ્યા પૂરો.** **(૪)**

૧. છેદોપસ્થાપનીય ચારિત્ર મૂળ ગુણ ...... અને ...... હોય.

**જ. પ્રતિસેવી, અપ્રતિસેવી.**

૨. સામાયિક ચારિત્રની એક જીવ અપેક્ષા જઘન્ય ...... અને ઉત્કૃષ્ટ ...... સ્થિતિ હોય.

**જ. ૧ સમય, દેશે ઉણા ક્રોડપૂર્વ.**

૩. પરિહારવિશુદ્ધ ચારિત્રવાળા પોતાનું સ્થાન છોડીને ...... અને ...... માં જાય.

**જ. છેદોપસ્થાપનીય, અસંયમ.**

૪. સૂક્ષ્મ સંપરાય ચારિત્રનું ઘણા જીવ અપેક્ષા અંતર જઘન્ય...... અને ઉત્કૃષ્ટ...... હોય.

**જ. ૧ સમય, ૬ માસ.**

**(૧૫)**

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. બ્રાહ્મણના કોઈપણ ત્રણ લક્ષણ લખો. **(૩)**

**જ. પાના નં. ૭૦/૭૧.**

૨. વિજયઘોષ કઈ નગરીમાં રહેતા હતા? તેમનો પરિચય શું? તેમને જ્ઞાન કેટલું હતું? **(૨×૬)**

**જ. વારણસી. જયઘોષ મુનિના ભાઈ હતા. સંસ્કૃતના પ્રકાંડ પંડિત, વેદ અને વેદાંતના જાણકાર હતા.**

૩. જયઘોષે વિજયઘોષને દીક્ષા લેવાનું શા માટે કહ્યું?

**જ. ભયાનક ઘોર સંસાર સાગરમાં ભોગો ભોગવવાથી કર્મનો બંધ થાય છે. ભોગોનું સેવન ન કરનાર કર્મથી નિર્લેપ થઈ જાય છે. ભોગી સંસારમાં ભ્રમણ કરે છે અને અભોગી મુક્ત થાય છે માટે.**

૪. વિજયઘોષે જયઘોષને કર્તા અને જ્ઞાતા શા માટે કહ્યા?

**જ. જે યજ્ઞમાં કર્મની આહુતિ દેવાય છે તેવા ભાવયજ્ઞના કર્તા આપ છો.**
**જેના દ્વારા આત્મશુદ્ધિનું જ્ઞાન થાય તેવી સાચી વેદવિદ્યાના જ્ઞાતા આપ છો.**

૫. વિજયઘોષ રસયુક્ત ભોજન કોને આપવાના મતમાં હતા?

**જ. બ્રાહ્મણ હોય, વેદના જાણકાર હોય, યજ્ઞ કરનાર હોય, જ્યોતિષી આદિ અંગના જાણકાર હોય, ધર્મશાસ્ત્રમાં પારંગત હોય, જે પોતનો તથા બીજાનો ઉદ્ધાર કરવામાં સમર્થ હોય.**

૬. વિજયઘોષે ભિક્ષા આપવાની ના પાડવા પર જયઘોષ મુનિએ શું કર્યું?

**જ. જયઘોષ મુનિ જરાપણ ગુસ્સે ન થયા અને પ્રસન્ન પણ ન થયા પરંતુ સમભાવમાં રહ્યા. ત્યારપછી મુનિએ અન્ન, જળ કે જીવનનિર્વાહ માટે નહિ પરંતુ બ્રાહ્મણને મિથ્યા જ્ઞાન, મિથ્યા દર્શનથી મુક્ત કરાવવા ઉપદેશ આપ્યો.**

૭. શું કરવાથી શ્રમણ કે તપસ્વી બની જવાતું નથી?

**જ. માત્ર માથું મુંડાવાથી કોઈ શ્રમણ થઈ જતું નથી. વલ્કલના ઝાડની છાલના કપડા પહેરવાથી કોઈ તપસ્વી બની જતું નથી.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૧૨)**

૧. બુદ્ધ્યા ........ **પાના નં. ૬૩ ગાથા ૩** ૨. નાત્યદભૂતં ......... **પાના નં. ૬૭ ગાથા ૧૦**

૩. સોઽહં ........ **પાના નં. ૬૪ ગાથા ૫**

**(આ) નીચેના વાક્યો કઈ ગાથાના છે તે ગાથા લખો. (અર્થ નહીં) (૩)**

૧. ત્રણ લોકને વિષે એક માત્ર આભૂષણરૂપ.... **પાના નં. ૬૮ ગાથા ૧૨**

૨. ત્રણ જગતના જીવોના પાપોને હણી નાંખે છે. **પાના નં. ૬૬ ગાથા ૯**